વડોદરા મહાનગરપાલિકા

www.vmcegov.com / www.vmc.gov.in

આકારણી શાખા

ધી જી. પી. એમ. સી. એક્ટ ૧૯૪૯ ની કલમ ૪૫૫(૧) મુજબ જાહેર નોટીસ

ધી જી. પી. એમ. સી. એક્ટ ૧૯૪૯ ની કલમ ૧૪૧ (ખ) મુજબ ક્ષેત્રફળ આધારિત સામાન્ય કર અંગે રાજ્ય સરકારશ્રીએ મંજુર કરેલા રહેણાંક સિવાયની ઇમારતોના વિવિધ પરિબળો પૈકી ઉપયોગ પરીબળના ભારાંકમાં સુધારો તા. ૧-૪-૨૦૧૬ થી અધિનિયમ ની કલમ ૪૫૪ ની જોગવાઇ હેઠળ કરવા સમગ્ર સભા ઠરાવ અંક/૧૫૦/૧૫-૧૬તા.૨૦-૨-૨૦૧૬થી મંજૂરી આપી છે. તેથી ધી જી. પી. એમ. સી .એક્ટ ૧૯૪૯ ની કલમ ૪૫૫(૧) મુજબ આ નોટીસ આપવામાં આવે છે કે, ક્ષેત્રફળ આધારિત સામાન્ય કર અંગેના રહેણાંક સિવાયની ઇમારતોના ઉપયોગ પરીબળમાં મંજુર કરેલા ભારાંકમાં(ધી જી. પી. એમ. સી. એક્ટ ૧૯૪૯ના શિડ્યુલ 'અ' ના પ્રકરણ ૮ ની જોગવાઇઓમાં નીચે જણાવ્યા પ્રમાણે) તા. ૧-૪-૧૬થી અમલમાં આવે તે રીતે કરેલા સુધારા અંગે, જેમણે વાંધા સુચનો કરવા હોય તેમણે, આ નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ (ત્રીસ) દિવસમાં મ્યુનિસિપલ કમિશનરશ્રી, આકારણી શાખા, ખંડેરાવ માર્કેટ બિલ્ડીંગ, રાજમહેલ રોડ વડોદરા મહાનગર પાલિકા, વડોદરા. ને પહોંચે તે રીતે લેખિતમાં મોકલી આપવા જણાવવામાં આવે છે.

વડોદરા મહાનગર પાલિકા ઉપર જણાવ્યા પ્રમાણે ૩૦ (ત્રીસ) દિવસમાં આવેલા વાંધા અગર સુચનો વિચારણામાં લઇ નીચે જણાવેલ સુચિત સુધારા બાબત સરકારશ્રીની મંજૂરી માટે જરૂરી કાર્યવાહી કરશે.

નિયમ ઘ	હાલની વિગત	ઉપયોગ પરિબળનો ભારાંક	સુચિત સુધારો	સુચિત ભારાંક
ખંડ ખ ૭	તમામ પ્રકારની દુકાનો, તમામ પ્રકારના ગોડાઉન, વેર હાઉસ, તમામ પ્રકારની હોટલ, રેસ્ટોરન્ટ, જીમ્નેશીયમ, તમામ પ્રકારના ટ્યુશન કલાસીસ,ટ્રેનિંગ અને વોકેશનલ ગાઇડન્સ સંસ્થાઓજે ઉપરોક્ત ખંડ (ખ) (૩) માં સમાવેશ ના થયેલ હોય તેવા.	₹ ૩.૫૦	(૧) મોલની તમામ પ્રિમાઇસીસ, થ્રી સ્ટાર અને ઉપરની રેંક ધરાવતી હોટલ (૨) તમામ પ્રકારના ગોડાઉન, વેર હાઉસ, તમામ પ્રકારની હોટલ, રેસ્ટોરન્ટ, જીમ્નેશીયમ, તમામ પ્રકારના ટ્યુશન કલાસીસ, ટ્રેનિંગ અને વોકેશનલ ગાઇડન્સ સંસ્થાઓ જે ઉપરોક્ત ખંડ (ખ) (૩) માં સમાવેશ નાથયેલ હોય તેવા.	₹ ૫.૦૦ ₹ ૩.૫૦

ઉપરોક્ત સુચિત સુધારા પૈકી વર્ગીકરણ ૨ માં કોઇપણ ફેરફાર ના હોઇ તે અંગે કોઇ વાંધાસુચન કરવાના રહેશે નહીં.સુચિત સુધારા પૈકી વર્ગીકરણ-૧ માં દર્શાવેલ વર્ગીકરણસામે જેઓને વાંધા સુચના મોકલવા હોય તોઓએ ઉપર જણાવેલ મુદતમાં વાંધા સુચનો મોકલવા વિનંતી છે.

સહી-એચ. એસ. પટેલ આઇએએસ

પી.આર.ઓ. નં. / ૯૭૮ /૨૦૧૫-૧૬ મ્યુનિસિપલ કમિશનર